શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૨૧
અંક : ૧૧

## ૯. ઉદ્યોગ, નવતર પ્રયાસ અને માળખું

સતત વિકાસ લક્ષ્ય ૯ અનુસાર વર્ષ ૨૦૩૦ સુધીમાં પ્રતિરોધક માળખું રચવું, સમ્મિલિત અને સાતત્યપૂર્ણ ઔદ્યોગિકીરણને પ્રોત્સાહિત કરવું અને નવતર સંશોધનને પ્રેરિત કરવું.

૯.૧ પ્રાદેશિક અને સરહદ પારના માળખા સહિત ગુણવતાસભર, આધારભૂત, સાતત્યપૂર્ણ અને પ્રતિરોધક માળખું રચવું, આર્થિક વિકાસ અને માનવજાતની સુખાકારીને સહાયભૂત થવું, જેમાં તમામ માટે પોષાય તેવી સમાન પહોંચ ઉપલબ્ધ કરાવવી.

૯.૨ સમ્મિલિત અને સાતત્યપૂર્ણ ઔદ્યોગિકરણને પ્રોત્સાહિત કરવું, રોજગાર તથા કુલ ઘરેલુ ઉત્પાદનમાં ઉદ્યોગોના હિસ્સાને રાષ્ટ્રીય સંજોગોને અનુરૂપ રહીને નોંધપાત્ર સ્તરે વધારો કરવો અને અલ્પવિકસિત દેશોમાં તેના હિસ્સાને બમણો કરવો.

૯.૩ નાના પાયાના ઔદ્યોગિક તથા અન્ય સાહસો માટે નાણાકીય સેવાઓ વિસ્તારવી, પોષાય તેવા ધિરાણની મર્યાદા વધારવી, ખાસ કરીને વિકાસશીલ રાષ્ટ્રોમાં અને તેમનું મૂલ્ય શૃંખલા તથા બજારો સાથે એકીકરણ કરવું.

૯.૪ વર્ષ ૨૦૩૦ સુધીમાં માળખાને સુધારવું અને ઉદ્યોગોને નવસર્જિત કરીને તેમને સાતત્યપૂર્ણ કરવા અને તેની સાથે સંસાધન ઉપયોગ કુશળતાને વધારવી તથા સ્વચ્છ અને પર્યાવરણની દ્રષ્ટિએ સુગમ ટેક્નોલોજી તથા ઔદ્યોગિક પ્રક્રિયાઓને બૃહદપણે સ્વીકારવી અને તમામ રાષ્ટ્રો તેમની સંલગ્ન ક્ષમતાઓના અનુસરણમાં પગલાં ભરવા.

૯.૫ તમામ દેશો, ખાસ કરીને વિકાસશીલ દેશોમાં વર્ષ ૨૦૩૦ સુધીમાં ઔદ્યોગિક ક્ષેત્રોની ટેક્નોલોજીકલ ક્ષમતાઓને અપગ્રેડ કરવી, વૈજ્ઞાનિક સંશોધનને વિસ્તારવું, નવતર પ્રયોગોને પ્રોત્સાહિત કરવા અને પ્રતિ ૧૦ લાખ વ્યકિતએ સંશોધન તથા વિકાસ કામદારોની સંખ્યા તેમજ જાહેર અને ખાનગી સંશોધન તથા વિકાસ ખર્ચને નોંધપાત્ર સ્તરે વધારવો.

૯.૬ આફ્રિકન રાષ્ટ્રો, અલ્પવિકસિત રાષ્ટ્રો, જમીનથી ઘેરાયેલા દેશો અને નાના ટાપુઓના વિકાસશીલ રાજયોને વિસ્તારેલા નાણાકીય, ટેક્નોલોજીકલ અને ટેકનિકલ સહાય દ્વારા વિકાસશીલ દેશોમાં સાતત્યપૂર્ણ અને પ્રતિરોધક ટેક્નોલોજીકલ અને નાણાકીય સહાયને ઉપલબ્ધ કરાવવી.

૯.૭ વિકાસશીલ દેશોમાં ઘરેલું ટેક્નોલોજીનો વિકાસ, સંશોધન અને નવતર પ્રયાસને સહાયભૂત થવું, જે માટે ઔદ્યોગિક વૈવિધ્યકરણ અને કોમોડિટીને મૂલ્યવૃદ્ધિના આંતર સહાય માટે અનુકૂળ નીતિગત વાતાવરણને સુનિશ્ચિત કરવું.

૯.૮ માહિતી અને સંદેશાવ્યવહાર ટેક્નોલોજી સુધી નોંધપાત્ર પ્રમાણમાં પહોંચ વધારવી. સૌથી ઓછા વિકસિત રાષ્ટ્રોમાં ઈન્ટરનેટ સુવિધા વૈશ્વિક સ્તરે અને પોષાય તેવા દરે પૂરી પાડવી.

**સંદર્ભ : સાતત્યપૂર્ણ વિકાસના ધ્યેયો**

**મુઠી ભરો તો રેતી છે, અને જો વાવતા રહો તો ખેતી છે.**

## એક ટુંકી નોંધ

નવેમ્બર ૨૦૧૯ દરમ્યાન ચાઈલ્ડલાઈન પ્રોજેકટના સ્ટાફની તાલીમ યોજાઈ. બાળકો માટે કરવાની થતી કામગીરીમાં જે સામાજીક, આર્થિક અને શાસકીય પડકારોને સમજવાનો પ્રયાસ છેલ્લા ત્રણ માસથી ચાઈલ્ડ લાઈન ટીમ કરી રહી છે. તેમને પડતી મુશ્કેલીઓ અને તેના નિવારણ માટેની ખૂટતી કડીઓ જોડવાની ક્ષમતા બનાવવાનો આ તાલીમમાં પ્રયાસ થયો. ચાઈલ્ડલાઈન ઈન્ડીયા ફાઉન્ડેશનમાંથી માધુરી પથારેએ તાલીમ આપી હતી. દિવાળીના તહેવારોની રજાઓ પછી સંસ્થાની ટીમ લર્નીગ એનરીચમેન્ટ, લર્નીગ રીસોર્સ સેન્ટર, શાળા શાસન વ્યવસ્થા, સ્થળાંતર જેવી બાબતોમાં ફરી સક્રીય બની. મધ્યાવર્તી કસોટી બાદ બાળકોમાં થયેલા ફેરફારોની તેમના વર્ગશિક્ષક તથા વાલી સાથે ચર્ચા કરી. કાર્યવિસ્તારના સ્થળાંતરિત પરિવારોની યાદી બનાવી. તેના બાળકોના અભ્યાસ બાબતે પડતી તકલીફોની વાલીઓ તથા શાળા વ્યવસ્થા સાથે પરામર્શ કર્યો. આગામી શાળા વ્યવસ્થાપન સમિતિઓની તાલીમ વખતે આ મુદ્દાને ઉકેલવા જરૂરી સમજણ અને શકિત ઉભી કરવાનું આયોજન છે.

લીંગભેદ અંગેની સામાજીક સમસ્યાને સમજવા અને તેના પર પગલાં લઈ શકાય તેવા હેતુથી ૧૦૦ યુવાનો સાથે ગયા સત્રમાં ૧૫ અઠવાડીયાનો કાર્યક્રમ ચલાવ્યો. જેમાં શ્રધ્ધા કથીરીયા, પંકજ સરવૈયા, પરેશ સોલંકી, મેહુલ વાઘેલા, મેહુલ પંડયા અને ગોવિંદ બાંભણીયા સહિતના સંસ્થાના અન્ય કાર્યકરોએ માનદસેવા આપી ખૂબજ અસરકારક અઠવાડીક સેશન ગોઠવ્યા. જેન્ડર નોર્મ્સની સમજ સાથે યુવાનોએ પોતાના પરિવાર અને સમાજમાં જોયેલા ભેદભાવ પર ચર્ચાઓ કરી પોતે તથા અન્યોએ મહિલાઓ પર થતી કોઈપણ પ્રકારની હિંસા સ્વીકાર્ય ન હોવાનું માન્યુ. સમગ્ર કાર્યક્રમના સંકલન તથા દસ્તાવેજીકરણ ધ્રુવીબેન તથા પ્રેમલભાઈએ કર્યુ હતુ.

કૃષિ આધારિત ૨૧૦૦૦ પરિવારો સાથે ખેતીખર્ચ ઘટે અને ખેતીઉત્પાદન વધે તેવા હેતુથી ચાલતા ઈન્ટરવેન્શનમાં મગફળી અને કપાસના ઉત્પાદનમાં જથ્થો એકત્ર કરી વેચવાની પ્રક્રિયા ખેડૂતો કરી રહયાં છે. એવા વખતે ઉતમ કાર્ય, વ્યકિતગત સૂરક્ષાના સાધનોનો ઉપયોગ, આરોગ્યની જાળવણી, ગુલાબી ઈયળનાં નિયંત્રણ માટે કરવાના કાર્યો અને મોનોકોટોફોસ બંધ કરવા માટે એક ઝુંબેશ ચલાવવામાં આવી. ફિલ્ડ ડે અને જુથ આગેવાનોની કાર્યશાળાઓ પણ યોજાઈ જેમાં અંદાજે ૨૫૦૦ ખેડૂતોએ સક્રિય રૂપે ભાગ લીધો હતો. આયોજન મુજબ દસ્તાવેજીકરણ તથા ખેડૂતોના જુથોની મીટીંગ અને વીણી સંગ્રહની તાલીમ યોજાઈ હતી.

— ધીરજ વાગડીયા

**લોકો ચાહે છે કે તમે આગળ વધો, પણ તેમનાથી આગળ નહી.**

## શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર મારફત ચાલતાં ચાઈલ્ડલાઈન – ૧૦૯૮ અંતર્ગત આંતરાષ્ટ્રીય બાલદીન સપ્તાહ અને 'ચિલ્ડ્રન સે દોસ્તી' કાર્યક્રમ નિમીતે યોજવામાં આવેલ કાર્યક્રમ

આંતરરાષ્ટ્રીય બાલદીન સપ્તાહ નિમિતે 'શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર અમરેલી' ખાતે કાર્યરત ચાઈલ્ડ લાઈન ટીમની તાલીમ કાર્યક્રમ અંતર્ગત શ્રીજી વિદ્યાર્થીભૂવન અમરેલી શાળાનાં બાળકો સાથે જીલ્લા કક્ષાએ એસ.પી. કચેરી ખાતે જઈને માનનીય એસ.પી સાહેબની ઉપસ્થિતિમાં બાળકોનાં અધિકારો, સુરક્ષા અને તે અનુસાંગિક વિવિધ પ્રવૃતિઓ અંગે વાકેફ કરવામાં આવેલ હતાં. આ તબકકે ઈન્ચાર્જ એસ.પી. શ્રી પ્રેમસીહ ડેલુ સાહેબ દ્વારા શાળાનાં બાળકોને ફ્રેન્ડશીપ બેલ્ટ બાંધીને પોલીસ સૌ કોઈની મદદ માટે છે. તેમ જણાવી કારકિર્દી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ તબક્કે સંસ્થાના ડાયરેકટર શ્રી ધીરૂભાઈ વાગડીયા, ચાઈલ્ડ લાઈન ફાઉન્ડેશન મુંબઈનાં પ્રોગ્રામ કોઓર્ડીનેટર શ્રી માધુરીબેન પથારે, મહિલા પોલીસ કેન્દ્રનાં શ્રી પારૂલબેન મહીડા અને એસ.એસ.કે.કેની ચાઈલ્ડ લાઈન અમરેલીની ટીમ ઉપસ્થિત રહેલ હતી.

**આભાર – રમેશ સોલંકી**




**જીંદગી શીખવે તે શીખી લેવાય જીતવાનું કયારેક હોય છે. શીખવાનું દરેક વખતે હોય છે.**

**ઝુંબેશ**

કપાસની ખેતીમાં ખેડૂતો છેલ્લા ૪ વર્ષથી ઈયળના કારણે ઘણા પરેશાન છે જેને ધ્યાનમાં રાખી અમે અમરેલી, બાબરા, ખાંભા, જાફરાબાદ, ઉના અને ગીર ગઢડા તાલુકાના અમારા પ્રોજેકટના ગામોમાં દિવાળી પહેલા ૨૧૦૦ ફેરોમેન ટ્રેપનું વિતરણ કરેલ હતું. જેમાં એક ટ્રેપમાં અંદાજે ૨૦૦ થી ૮૦૦ સુધીના ફૂદાઓ પકડાયેલ જેથી એવું કહી શકાય. આપણા ખેતરની અંદર ફૂદાની શરૂઆત થાય એટલે ૧૫ દિવસ પછી ગુલાબી ઇયળથી થતુ નુકશાન જોવા મળે છે. જેને ધ્યાનમાં રાખી નવેમ્બર મહિનાની શરૂઆતથી ૫૦ જેટલા ખેડૂતોના ખેતર પર નિરીક્ષણ કરવામાં આવ્યું, જેમાં એક ખેતરમાંથી રેન્ડમ પદ્ધતિથી ૧૫ થી ૨૦ જીંડવા તોડવામાં આવ્યા જેમાંથી ૩ થી ૮ જીંડવામાં ગુલાબી ઈયળ જોવા મળી. હવે ખેડૂતોએ નક્કી કરવાનું કે કપાસમાં કેટલા ટકા સુધીનો ઉત્પાદનમાં ઘટાડો જોવા મળશે જેના ઉપાય માટે અમે ખેડૂતના ખેતર પર ફિલ્ડ ડે અને ખેડૂત તાલીમ કાર્યશાળા દ્વારા અંદાજે ૨૫૦૦ ખેડૂતોને ભલામણ કરવામાં આવી કે તમારા ખેતરની અંદર કપાસ ઉભો છે અને ગુલાબી ઈયળનું ૫૦% કરતા પણ વધારે નુકશાન જોવા મળે અને તમારી પાસે પાણીની સુવિધા હોય તો કપાસ કાઢી કોઈ બીજા રવી પાકોનું વાવેતર કરી અને સારી આવક કરી શકાય છે. વધુમાં કયાંક ને કયાંક મોનોક્રોટોફોસ જેવી વધુ ઝેરી દવાઓના કારણે આજે રોગ અને જીવાતમાં રેજીસ્ટન્સ પાવર આવી ગયેલ છે. જેથી આવી દવાઓના ઉપયોગથી પણ જીવાત મરતી નથી. અને આપણા આરોગ્યને પણ નુકશાન કરી રહી છે. જેને ધ્યાનમાં રાખી




**દાનમાં કરેલું રોકાણ કયારેય નિષ્ફળ નથી જતું.**

દરેક ગામ સુધી ખેડૂત જાગૃતિ અભિયાન વાહન, માઈક સીસ્ટમ તથા ઉપયોગી સાહિત્ય સાથે ચલાવવામાં આવ્યુ હતુ.

ઉતમ રૂ ની ગુણવત્તાની બાબતો જેવી કે કપાસના પાકમાં વર્ગીકરણ (તારની લંબાઈના આધારે), રૂ માં થતી ભેળસેળ, ગુણવત્તા જાળવવા માટેની લેવાની થતી કાળજીઓ, ભેળસેળ મુકત કપાસના વેચાણ વખતે થતા ફાયદાઓ, બાળમજુરી, સુરક્ષા અને આયોજનની બાબતો પણ આવરી લેવાઈ હતી.

સંગઠનો પૈકી અવિરત એગ્રો, જાફરાબાદ એગ્રીકલ્ચર અને સોરઠ એગ્રીકલ્ચર કંપનીના સ્ટાફ અને ડાયરેકટરોને સાથે રાખી આ કંપનીઓમાં જોડાયેલા ખેડૂતોને સાંકળી તેમની કામગીરીને પણ આ કાર્યક્રમો હેઠળ આવરી લેવાયા હતા જેમાં અવિરતના માઈક્રો એન્ટરપ્રીનીયોર મોડેલ તથા દરેક કંપની ખરીદી અને વેચાણ વ્યવસ્થાઓ પર ચર્ચા થઈ. મગફળીની ખરીદી તથા ટ્રાઈકોડર્માના ઉત્પાદન અને વેચાણ અંગેના અનુભવો વહેચવામાં આવ્યા હતા.

**સંદર્ભકર્તા : નરેન્દ્ર પોકીયા**




**જેનું દુઃખમાં મુખ હસતું એના માટે સુખ સસ્તું.**

## મોનોક્રોટોફોસ દવા વાપરવાથી થતા ગેરફાયદા :

આપણે જાણીએ છીએ કે ઘણા સમયથી મોનોક્રોટોફોસ જેવી જોખમી દવા છંટાય રહી છે. જેના ગેરફાયદા નીચે પ્રમાણે છે.

૧. મોનોક્રોટોફોસ ખુબ જ ઝેરી હોવાથી કેન્સર જેવી બીમારી થાય છે.

૨. મોનોક્રોટોફોસના છંટકાવથી છોડમાં ટોનીક અસર ઉભી થાય જેથી છોડ લીલો અને કુણપ પકડે છે. ફુલ, જીંડવા ઓછા અને મોડા બેસે છે.

૩. મોનોક્રોટોફોસ વધુ ઝેરી જંતુનાશક હોવાથી માનવ શરીર, પશુ, પક્ષી, હવા, પાણી, છોડ, જમીનમાં ઝડપથી ઉતરી જાય છે તેથી વધુ નુકશાન કરે છે.

૪. છોડના વાનસ્પતિક વિકાસના લીધે જીંડવા તૈયાર થવાનો ગાળો ૪૫ થી ૫૦ દિવસના બદલે ૮૦ થી ૯૦ દિવસ સુધીનો થાય છે. જેથી પ્રથમ વીણી મોડી થાય છે. તેથી ઉત્પાદન ઓછું આવે છે.

૫. મોનોક્રોટોફોસના હાઈડોઝના સતત વપરાશની જીવાતની પ્રતિકારક ક્ષમતા વધતી જાય છે. જેથી વધારે પ્રમાણમાં જંતુનાશકોનો ઉપયોગ કરવો પડે છે.

૬. મોનોક્રોટોફોસ ખુબ જ ઝેરી હોવાથી મિત્ર જીવાતનો નાશ થાય છે તેના કારણે પછી શત્રુ જીવાતનો વધારો થાય છે.

સંદર્ભકર્તા : નરેન્દ્ર પોકીયા



**જ્યાં સંઘર્ષ નથી ત્યાં કોઈ પ્રગતી થતી નથી.**

## ખજૂર વિશે ઉપયોગી બાબતો

૧. સામાન્ય રીતે વેપારી પાસે જે ખજૂર હોય છે તેમાં કાંકરા, કચરો અને માટી હોય છે, એટલે સર્વપ્રથમ ખજૂરને સહેજ ગરમ પાણીથી ધોયા બાદ તેનો ઉપયોગ કરવો.

૨. ખારેકને થોડા સમય સુધી પાણીમાં પલાળવી. તે જયારે ફૂલી જાય અને પોચી થઈ જાય ત્યારે તેનું સેવન કરવું અને બચેલા પાણીનું પણ સેવન કરવું.

૩. ખજૂરને ગરમ કરીને ખાવો નહીં તથા ફળનો રસ પણ લેવો નહીં.

૪. ખજૂરને દૂધ સાથે અથવા અન્ય ફળ સાથે ખાવો જોઈએ. અન્ય ફળો તથા શાકભાજી સાથે ખજૂર ખાવાથી સ્વસ્થતા પ્રાપ્ત થાય છે.

૫. ખજૂરનો અતિ પ્રમાણમાં ઉપયોગ કરવાથી અજીર્ણ થાય છે.

૬. નિયમ એ છે કે અન્ય ફળ સવારે લેવા જોઈએ, પરંતુ ખજૂર વાયુ અને પિતશામક હોવાથી તેનો ઉપયોગ બપોરના સમયે કરવો જોઈએ.

૭. ખજૂર તમામ ઋતુમાં લઈ શકાય છે.

૮. ખજૂર ખાધા બાદ તેના કેટલાક અંશો દાંત પર અને પેઢા પર ચોંટી જાય છે, તેથી મોઢા ને બરાબર સાફ કરી લેવું જોઈએ.

૯. શરદીવાળા રોગીએ ખજૂર લીધા પછી પાણી પીવું નહી.

૧૦. ઘણી વખત ખજૂર ખાધા પછી દાંતમાં દુઃખાવો થાય છે. પણ ગુલાબજળ અથવા સિરકાના કોગળા કર્યા પછી ખજૂર ખાવામાં આવે તો દાંતનો દુઃખાવો થતો નથી.

૧૧. ગ્રામ્ય વિસ્તારમાં ખજૂરની પેશી ઘી સાથે ખાવાનો રીવાજ છે, તથા ખજૂર અને શીંગદાણા ખજૂર અને દાળીયા પણ ખાવાનો રિવાજ છે.

૧૨. શિયાળાની ઋતુમાં દૂધમાં કાજુ, બદામ, પિસ્તા, અખરોટનો ભૂકો તથા ખજૂરની પેશી ઉમેરીને તેને ઉકાળીને લેવાથી શરીર બળવાન બને છે, કામશકિત દ્રઢ બને છે.

૧૩. ખજૂર અતિ ગુણવાન છે, તેનો વિવેકપૂર્વક અને મર્યાદિત પ્રમાણમાં સૌએ ઉપયોગ કરવો જોઈએ.

સાભાર – વનસ્પતિ ગાથા

**પ્રિય વાચક મિત્રો,**

ટપક તેમજ સંસ્થાકીય પ્રવૃતિઓ માટે આપ સહયોગ રાશી મોકલી શકો છો. આ રકમ ચેક અથવા ડ્રાફટથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો. આ પ્રવૃતિઓ માટે નાણાકીય સહયોગ કરી શકો છો અને નાણાકીય સહયોગ ઓનલાઈન વેબસાઈટ https://sskkamreli.org/ પર જવા વિનંતી છે.

**હૃદયથી સાફ રહેશો તો કેટલાય લોકોના ખાસ રહેશો.**

## Happy Birthday

| | |
|---|---|
| Rajesh Rathod | 01.12.1992 |
| Ajay Jadav | 01.12.1998 |
| Rohit Vaghela | 01-12-1997 |
| Vijay Solanki | 06-12-1995 |
| Ramani Ronita | 14.12.1998 |
| Satish K. Dafada | 15.12.1977 |
| Limbabhai Rathod | 16.12.1996 |
| Narendra pokiya | 28.12.1988 |
| Bharat Shingad | 28.12.1993 |
| Jignasha Garaniya | 29-12-2000 |

## In this month

2-6 Bal Manch workshop - Gujarat vidhyapith at Ahemedabad.

4 Training on groundnut procurement, Una.

6-7 Prochif v2 workshop, Khambha.

8 Workshop on FPO by ATMA project, KVK-Amreli.

11-25 Campaign on PBW, PPE & decent work in all project area.

11 Farmers training workshop - Pir Khijadiya.

12 Farmers training workshop Rohisa & field day Nandarakha.

13 Farmers field day - Khambha.

14 Farmers field day - Rabarika and review of WRM structures by CSPC & TATA trusts.

15 Farmers training workshop - Dhokadva.

16 Farmers training workshop - Khambha.

18 Farmers field day Charkha.

17-20 Childline staff training by CIF Amreli.

21-22 Regional workshop & field visit for FPOs by NABARD.

24 LEP (coastal) staff meeting Thavi.

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Reg. No. Amreli/091/2018-20
Valid Upto 31/12/2020

RNI No. GUJGUJ/1999/01521
Date Of Issue 1st of month

Book -Post, Printed Matter

**ટપક કાર્યાલય :**

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**આપણા જીવન કરતા સંસ્કૃતિ મહત્વની છે.**